<u>આણંદના મે. ચોથા એડી. ચીફ જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મું.આણંદ</u>

**ક્રિમીનલ કેસ નં. ૨૯૪૧/૨૦૨૬**

<u>**આંક ૧ લગત હુકમ**</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી **જનમેશભાઈ વિનુભાઈ પટેલ રહે.સામરખા સિતલ સોસાયટી, તા.જી.આણંદ**નાઓ વિરુધ્ધ એમ વી એકટ ની ક.૧૮૫ તથાપ્રોહી ની ક. ૬૬(૧)બી મુજબના ગુના અંગે ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યાર બાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાતરી કરેલ છે. સદર કામે આરોપી દવારા હાલની પુરશીશ રજુ કરી સ્વૈચ્છીક અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. વધુમાં આરોપીએ હાલની ગુના કબુલાતની પુરશીશ રજુ કરીને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા અને વાજબી કારણ હોવાનુ હોવાનુ જણાવેલ છે. આરોપીને તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય હાલના કામે કબુલાત પુરશીશ દાખલ કરવામાં આવેલ છે તેમજ સદર કબુલાત પુરશીશને ધ્યાને લેતા તે સ્વૈચ્છીક અને દબાણ વગરની જણાઈ આવેલ છે.

(૩) આરોપી સામે એમ વી એકટ ની ક.૧૮૫ પ્રોહી ની ક. ૬૬(૧)બી મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે તેમજ આરોપીની હાલની કબુલાતની પુરશીશ વંચાણે લેતા તેમા જણાવેલ કારણોને ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ તેઓ તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓ કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે. સંતાનોના ભરણ પોષણની જવાબદારી પાર પાડવી પણ તેઓના શીરે છે. આરોપીએ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો બીજો ગુનો નહી કરે તે અંગે ખાતરી આપેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓ ખુબજ સાધારણ પરિસ્થિતિ ધરાવતા ઈસમ છે અને ભારી દંડની રકમ ભરવા તેઓ સક્ષમ નથી.

(૪) ઉપરોકત તમામ હકીકતો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે ૨૦૦૫(૫) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વી. નટવર હરચંદજી ઠાકોર ના ચુકાદામાં એવો સીધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતો ધ્યાનમાં લઈને નીચેની અદાલતમાં કાયદામાં કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે તેમજ સદર ચુકાદામાં જે કારણો બતાવેલા છે તેને ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે. સદર કામે રજુ થયેલ દસ્તાવેજો જોતા સદર કામના આરોપી સામે અગાઉ કોઈ આ મુજબનો ગુનો દાખલ થતા તેઓને દોષીત ઠરાવવામાં આવેલ હોય તેમ માલુમ પડતુ નથી. જેથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત દયાની માંગણી અને કેસના સંજોગો ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**હુકમ**</u>

(૧) આરોપીને બી.એન.એસ.એસની ક.૨૭૫ અન્વયે, **એમ વી એકટ ની ક.૧૮૫ તથા પ્રોહી ની ક. ૬૬(૧)બી** મુજબના ગુનામાં તકસીર વાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા **રૂ. ૧૨૦૦/–( અંકે રૂપિયા એક હજાર બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ન ભરે તો, આરોપીએ વધુ દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો વચગાળોનો હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ માલિકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી, માહે– જુલાઇ , સને– ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સહી કરી,વાંચી, સંભાળવી જાહેર કર્યો.

તા.૧૧ /૦૭ /૨૦૨૬
આણંદ.

(એચ.જે.વસાવડા)
ચોથા એડી. ચીફ જયુ.મેજી.,આણંદ
(JUDGE CODE- GJ01368)

દંડ રૂ.૧૨૦૦/– અંકે રૂપિયા એક હજાર બસો પુરા
પા.નં.........................ઉપર વસુલ
આવેલ છે.
તા.૧૧/૦૭/૨૦૨૬
સુપ્રિન્ટેન્ડેન્ટ/નાઝર